ઝાલોદ પંથકમાં ગેસ સિલિન્ડર માટે હાહાકાર મચ્યો : ગેસ બોટલો સાથે વહેલી સવારથી લાંબી કતારોમાં ઉભા રહેવા લોકો મજબૂર

## ઈંડિયન ગેસ એજન્સી ખાતે બોટલ માટે ગ્રાહકોની પડાપડી

**છેલ્લા** ચાર દિવસથી ગેસની ગાડી ન આવતાં બૂકિંગ કરાવ્યા છતાં અનેક ગ્રાહકોને વીલા મોઢે પરત ફરવું પડી રહ્યું



(પ્રતિનિધિ) ઝાલોદ, તા.2

ઝાલોદ શહેરમાં આવેલ ઈંડિયન ગેસ એજન્સી ખાતે છેલ્લા કેટલાક દિવસોથી ઘરેલુ ગેસ બોટલનો ગંભીર અભાવ સર્જાતા ગ્રાહકોમાં ભારે અકળામણ ફેલાઈ છે. ગેસ બોટલ મેળવવા માટે ગ્રાહકોને એજન્સી ઓફિસ અને ગોડાઉન વચ્ચે વારંવાર ધક્કા ખાવા પડી રહ્યા છે. છેલ્લા ચાર દિવસથી ગેસની ગાડી ન આવતાં બૂકિંગ કરાવ્યા છતાં અનેક ગ્રાહકોને વીલા મોઢે પરત ફરવું પડી રહ્યું છે.માહિતી મુજબ ઝાલોદ ઈંડિયન ગેસ એજન્સી પાસે 41 હજારથી વધુ ઘરેલુ ગેસ ગ્રાહકો નોંધાયેલા છે. અગાઉ દરરોજ અંદાજે 400 જેટલી બૂકિંગ થતી હતી જ્યારે હાલમાં આ સંખ્યા વધીને 600થી વધુ થઈ ગઈ છે. પહેલા રોજ બે ગાડીઓ ગેસ બોટલની આવતી હતી પરંતુ હાલમાં માત્ર એક ગાડી આવતાં પુરવઠો ઓછો પડી રહ્યો છે. છેલ્લા ચાર દિવસથી ગેસની ગાડી પણ ન આવતા ગ્રાહકોમાં ભારે મુશ્કેલી ઊભી થઈ છે.આ ઉપરાંત છેલ્લા ત્રણ દિવસથી મોબાઈલ તેમજ એજન્સી ઓફિસ ખાતે ઓનલાઈન બૂકિંગ માટે સર્વર ડાઉન રહેતા ગ્રાહકો ગેસ બૂકિંગ પણ કરી શકતા નથી. એજન્સી ખાતે મોટી લાઈનો અને ગ્રાહકોની દોડાદોડ જોવા મળી રહી છે.ઈંડિયન ગેસ એજન્સીના મેનેજર અલ્કેશના જણાવ્યા મુજબ અચાનક બૂકિંગની સંખ્યા વધતાં પુરવઠામાં ખાધ સર્જાઈ છે. અગાઉ બે ગાડીઓ ગેસ બોટલની આવતી હતી જ્યારે હાલમાં માત્ર એક ગાડી જ આવી રહી છે. ઉપરથી પુરવઠો નિયમિત થતાં સ્થિતિ સામાન્ય થઈ જશે. તેમણે વધુમાં જણાવ્યું કે ઘરેલુ ગેસ ગ્રાહકો માટે eKYC ફરજીયાત છે અને જેમનું eKYC પૂર્ણ હશે તેમને પ્રાથમિકતા આપવામાં આવશે. સર્વર ડાઉનની સમસ્યા કંપની તરફથી હોવાનું પણ તેમણે જણાવ્યું. બીજી તરફ ગુજરાત ગેસ ઓનલાઈન સેવા બાબતે પણ ગ્રાહકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### ગોધરાની ઘનશ્યામ ગેસ એજન્સીમાં જિલ્લા પુરવઠા અધિકારીની આકસ્મિક તપાસ



ગોધરા : પંચમહાલ જિલ્લા કલેક્ટર અજય દહિયાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ગેસ સિલિન્ડરોની સંગ્રહખોરી અને કાળાબજારી રોકવા માટે પુરવઠા વિભાગ દ્વારા કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત જિલ્લા પુરવઠા અધિકારી ડો. ભાર્ગવ ડાંગર અને તેમની ટીમ દ્વારા ગોધરા ખાતે આવેલ ઘનશ્યામ ગેસ એજન્સી પર આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. જે અન્વયે લકઝુરા હોટલ પાછળ આવેલ એજન્સીનું ગોડાઉન, જે હિતેશભાઈ પી. ઘરમચંદાણી દ્વારા સંચાલિત છે. જેમાં ગોડાઉનમાં રહેલા ૧૯.૦૦ કિલોગ્રામના કોમર્શીયલ ગેસ બોટલોનું સ્ટોક રજિસ્ટર સાથે મેળવણું કરતા, ૧૭ ગેસના ભરેલા બોટલ વધારાના (બિનહિસાબી) મળી આવ્યા હતા. જે અંતર્ગત જિલ્લા પુરવઠા અધિકારીએ દ્વારા કુલ ૩૩,૭૮૫ ની બજાર કિંમતનો આ જથ્થો સીઝ કરવામાં આવ્યો છે. જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા આ ગેરરીતિ બદલ એજન્સી સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

---

પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા

## ઝાલોદમાં સંદિગ્ધ પરિસ્થિતિમાં રામદેવ મંદિરના પૂજારીનો મૃતદેહ મળ્યો

લાશ મળ્યાની જાણ ગામલોકોને થતાં ઘટનાસ્થળે મોટી સંખ્યામાં લોકટોળા ઉમટી પડ્યા હતા



(પ્રતિનિધિ) ઝાલોદ, તા.12

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં સંદિગ્ધ પરિસ્થિતિમાં રામદેવ મંદિરના પૂજારીનો મૃતદેહ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ઝાલોદના ડુંગરી ફળિયે આવેલા રામદેવ મંદિરના પૂજારી નગીનભાઈ વિરાભાઈ ભુનાતર (ઉ.વ. આશરે 55)નો મૃતદેહ થેરકા ગામ નજીક પંચકૃષ્ણ મંદિર પાછળ માછણ નદીના કિનારે મળ્યો હતો. સ્થાનિક લોકો ખેતરમાં કામ કરી રહ્યા હતા ત્યારે તેમને નદી કિનારે મૃતદેહ દેખાતા પરિવારજનોને જાણ કરવામાં આવી હતી. પરિવારજનોએ તરત જ ઝાલોદ પોલીસને માહિતી આપતા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ડીવાયએસપી ડી.આર. પટેલ, પી.આઈ રવિ ગામીત સહિત પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. દાહોદ જિલ્લા SOG અને LCBની ટીમ પણ તપાસમાં જોડાઈ છે. પોલીસે FSL અને ડોગ સ્કવોડની મદદથી સ્થળ પરથી પુરાવા એકત્ર કરવાની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં લૂંટના ઈરાદે હત્યા કરવામાં આવી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

---

ગેસ સિલીન્ડરોની અછત ન સર્જાય તે માટે વહીવટી તંત્ર સજ્જ

## કલેકટર ગાર્ગી જૈનના અધ્યક્ષ સ્થાને ગેસ વિતરકો સાથે બેઠક યોજાઈ

કાળાબજાર રોકવા અને સુચારુ વિતરણ માટે કલેક્ટરના કડક આદેશ



(પ્રતિનિધિ) છોટાઉદેપુર તા.12

હાલમાં ચાલી રહેલા વૈશ્વિક યુધ્ધના પગલે જિલ્લામાં આવશ્યક ચી જ વસ્તુઓ અને ખાસ કરીને એલ.પી.જી. (LPG) સિલીન્ડરોની કોઈ અછત ઉભી ન થાય તે માટેના આગોતરા આયોજનના ભાગરૂપે આજે જિલ્લા કલેકટર ગાર્ગી જૈનના અધ્યક્ષ સ્થાને જિલ્લા સેવા સદનના વીસીખંડ ખાતે જિલ્લાની વિવિધ ગેસ એજન્સીઓના પ્રોપરાઈટરો સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જિલ્લામાં ગેસ એજન્સીઓ અને જથ્થાની સ્થિતિ વિશે માહિતી આપતા જિલ્લા પુરવઠા અધિકારી અનિલ હળપતિએ જણાવ્યું હતું કે, જિલ્લામાં હાલ કુલ ૧૨ ગેસ એજન્સીઓ કાર્યરત છે, જેમાં ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન (IOC) ની ૦૬, હિન્દુસ્તાન પેટ્રોલિયમ (HPCL) ની ૦૩ અને ભારત પેટ્રોલિયમ (BPCL) ની ૦૩ એજન્સીઓનો સમાવેશ થાય છે. આજની તારીખે એજન્સીઓ પાસે ૩૧૦૯ સિલીન્ડરોનો જથ્થો ઉપલબ્ધ છે અને ૨૩૭૬ સિલીન્ડરોનો બફર સ્ટોક રાખવામાં આવ્યો છે. જે આગામી ૧૩ દિવસ સુધી ચાલે તેમ છે. તમામ ગેસ વિતરકો એ ખાતરી આપી હતી કે કંપનીઓ તરફથી ડોમેસ્ટિક ગેસનો પુરવઠો રાબેતા મુજબ મળી રહ્યો છે.

---

ગેસ એજન્સીઓ દ્વારા વિતરણ અને કોઈપણ સ્થળે અછત ઉભી ન થાય તે સુનિશ્ચિત કરવા અપાઈ સુચના

## દાહોદ જિલ્લામાં LPG પુરતા પુરવઠા અંગે કલેકટરની અધ્યક્ષતા હેઠળ બેઠક યોજાઈ

**તમામ ગ્રાહકોએ** ધીરજ રાખવી અને કોઇપણ જાતની અફવાઓ ઉપર ધ્યાન ન આપવા તંત્ર દ્વારા અનુરોધ કરાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા.12

મધ્ય પૂર્વ ક્ષેત્રમાં બદલાતી પરિસ્થિતિને કારણે રાજ્યમાં ઘરેલું જરૂરીયાત માટેનો પૂરતો એલ.પી.જી નો જથ્થો ઉપલબ્ધ કરાવવા બાબતે કલેકટર યોગેશ નિરગુડેની અધ્યક્ષતામાં તમામ સેલ્સ ઓફિસરઓની બેઠક બોલાવવામાં આવી રાજ્યમાં ઘરેલું જરૂરીયાત માટેના એલ.પી.જી નો પુરતો પુરવઠો દરેક સ્થળે મળી રહે તે માટે તકેદારીના ભાગરૂપે કેન્દ્ર સરકારના સૂચન હેઠળ જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટીંગ કંપનીઓ દ્વારા એક જ ગ્રાહક દ્વારા બે એલ.પી.જી સિલિન્ડ ર ના બુકીંગ વચ્ચે ૨૫ દિવસનો સમયગાળો રાખવા નિર્ણય લેવામાં આવેલ છે. એલ.પી. જી. નો અનાધિકૃત સંગ્રહ, કાળાબજારી, નિયત ઉપયોગ સિવાય અન્ય ઉપયોગ તથા નિયત કરેલ કીંમત કરતા વધુ ભાવ વસૂલવો એ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-1955 તથા એલ.પી.જી કંટ્રોલ ઓડર-2000 મુજબ કાયદાકીય રીતે ગુનો બને છે તથા આવી પ્રવૃતિ કરનાર સામે રાજ્ય સરકારના સક્ષમ અધિકારી દ્વારા ફોજદારી પગલા લેવામાં આવશે એમ કલેક્ટર દ્વારા જાણ કરવા સાથે સુચના આપવામાં આવી હતી. વધુમાં તમામ ગેસ એજન્સીઓ દ્વારા વિતરણ સુવ્યવસ્થિત રીતે થાય અને કોઈપણ સ્થળે અછત ઉભી ન થાય તે સુનિશ્ચિત કરવું. જિલ્લામાં LPG ની તપાસ દરમિયાન ગેરરીતી જણાશે તો તાત્કાલિક આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ તથા LPG Control order-2000 મુજબની કાર્યવાહી કરવામાં આવશે. આ તમામ સૂચનાઓનો કડક અમલ થાય તે સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. આ બેઠક દરમ્યાન જિલ્લા પુરવઠા અધિકારી ગૌતમ લોડલીયા તેમજ સૌ સેલ્સ ઓફિસરઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

નસવાડી તાલુકાના ગઢબોરીયાદ ગામનો શોભાનો ગાંઠીયો

## ૩.5 કરોડના ખર્ચે બનેલી સામુહિક આરોગ્ય કેન્દ્રની બિલ્ડિંગમાં કામગીરી ક્યારે શરૂ કરાશે?



(પ્રતિનિધિ) નસવાડી, તા.12

નસવાડી તાલુકાના ગઢબોરીયાદ ગામે પાંચ કરોડના ખર્ચે સામુહિક આરોગ્ય કેન્દ્રનું બિલ્ડિંગ બનીને તૈયાર હોવા છતાંય બિલ્ડિંગ નું લોકાર્પણ ના થતા બે માળ નું બિલ્ડિંગ છ મહિના થી ધૂળ ખાઈ ગયું છે નેતાઓ પાસે બિલ્ડિંગના લોકાર્પણ માટે સમય નથી બીમાર દર્દીઓ ને કઠિનાઈ ભોગવવી પડે છે નસવાડી તાલુકાના ગઢબોરીયાદ ગામે સામુહિક આરોગ્ય કેન્દ્ર આવેલું છે 50 થી વધુ ગામોના લોકો ગઢબોરીયાદ ખાતે સરકારી દવાખાના માં સારવાર માટે આવે છે હાલ જે સામુહિક આરોગ્ય કેન્દ્ર ચાલે છે તેનું બિલ્ડિંગ જર્જરીત અને નાનું છે ડોકટરો ની બેસવાની પૂરતી જગ્યા નથી દર્દીઓને પણ બેસવાની પૂરતી જગ્યા નથી જ્યારે વોટર કૂલર પણ બહાર મૂકવામાં આવેલું છે જે રૂમ માં દર્દીઓને દાખલ કરવામાં આવે છે તેનું પીઓપી પણ તૂટેલી હાલતમાં છે પૂરતા પલંગો દર્દીઓને દાખલ કરવા માટેના નથી જ્યારે પ્રસૂતિ વાળી મહિલાઓને પ્રસૂતિ માટે દાખલ કરવામાં આવે છે તે એકજ રૂમ હોવા થી ચારથી પાંચ મહિલાઓને એક સાથેજ રાખવામાં આવે છે જેનાથી દર્દી ના સગાવાળાઓ ને પણ મુશ્કેલી પડે છે જ્યારે સરકારે પાંચ કરોડ ના ખર્ચે બિલ્ડિંગ મંજૂર કરતા આ બિલ્ડિંગ 12/3/2024 માં કામગીરી શરૂ કરવામાં આવી હતી અને 11/2/2025 ના રોજ કામગીરી પૂર્ણ થઈ ગઈ હતી પણ હજુ સુધી લોકાર્પણ ના કરવામાં આવ્યુ હોઈ લોકોને અન્યત્ર ભટકવુ પડે છે.

---

## હાલોલ વિરાસત વન નજીક કારમાં અચાનક આગ ભભૂકી ઉઠી



(પ્રતિનિધિ) હાલોલ, તા.12

હાલોલ તાલુકાના વિરાસત વન નજીક આજે ગુરુવારના રોજ બપોરના સમયે રસ્તા પર દોડતી સ્વિફ્ટ ડિઝાયર કારમાં અચાનક આગ લાગી જતાં વિસ્તારમાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હતી.મળતી માહિતી મુજબ, વિરાસત વન નજીકથી પસાર થતી એક સ્વિફ્ટ ડિઝાયર કારમાં અચાનક આગ લાગવાની ઘટના બની હતી. કારમાંથી ધુમાડો અને આગની જ્વાળાઓ ઉઠતા જ આસપાસના લોકો અને વાહનચાલકોમાં ગભરાટ ફેલાયો હતો. ડ્રાઈવર દ્વારા તાત્કાલિક કારને રસ્તાની બાજુમાં ઉભી રાખવામાં આવી હતી અને પોતે સલામત રીતે બહાર નીકળી ગયા હતા.આગની ઘટના બનતા થોડા સમય માટે રોડ ઉપર વાહન વ્યવહાર પણ થંભી ગયો હતો. રસ્તા પર જતા લોકો અને વાહનચાલકો ઘટનાસ્થળે એકત્રિત થઈ ગયા હતા અને આગ બુઝાવવા માટે પ્રયાસો શરૂ કર્યા હતા.આ ઘટનાની જાણ થતાં જ હાલોલ ફાયર ફાઈટર તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને પરિસ્થિતિ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. આગ લાગતા વિસ્તારમાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

---

સ્થાનિકો દ્વારા ઓળખ કરતા દિપક નિસરતા નામના યુવક મૃતદેહ હોવાનું જાણવા મળ્યું

## સંજેલીના પાટ મહાદેવ મંદિર તરફ જતા રસ્તા નજીક યુવકનો મૃતદેહ મળ્યો

યુવક સાજે ઘરે થી નીકળ્યો હતો પરંતુ પરત ન આવ્યો . પરિવારમાં છવાયો માતમ




(પ્રતિનિધિ) સંજેલી, તા.12

સંજેલી તાલુકાના પાટ મહાદેવ મંદિર તરફ જતા મેન રસ્તાની નજીકમાં જ લાશ મળી આવતા ચકચાર મચી છે જેમાં બનાવની વધુ વિગત પ્રમાણે જોવા જઈએ તો સંજેલી પોલીસ ઘટના સ્થળે પોહચી ડોગ સ્ક્વોડ સહિત તપાસ હાથ ધરી. સંજેલી તાલુકાના નેનકી પાટ મહાદેવ મંદિર તરફ જતા રસ્તા ની સાઈડમાં જ એક રહેણાંક મકાન ની થોડી દુરી પર મૃત હાલત માં યુવકની લાશ મળી આવી હતી . સ્થાનિક દ્વારા સરપંચ સહિત પોલીસને જાણ કરાઈ હતી ત્યારે ઘટના સ્થળે લોકો દોડી આવ્યા હતા અને ચોકી ઉઠ્યા હતા. અને મૃતદેહ કોનો હોવાનો તે બાબતે સૌ કોઈ ધ્યાન કર્યું હતું ત્યારે ગામનો જ યુવકનો મુદ્દો જણાઈ આવતા પરિવારજનોને જાણ કરતા પરિવારજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ચોકી ગયા હતા ત્યારે પરિવારનો વાલસોયો મૃત જોઈ પરિવાર પર આભ ફાટી પડ્યો હતો . ઘટનાની જાણ સંજેલી પોલીસને કરતા જ પોલીસ મથકના પી આઇ જી બી પરમાર સહિત પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ અને વધુ તપાસ હાથ ધરી હોવાનું હાલ જાણવા મળી રહ્યું છે.

---

રસ્તામાં યુવતીને મારપીટ કરી ધાકધમકી આપતાં અપહરણ કરવામાં આવ્યું હોવાનો ઉલ્લેખ

## પીપલોદ વિસ્તારમાં યુવતીને લગ્નનો વિશ્વાસ આપી અપહરણ અને મારપીટનો આક્ષેપ, પોલીસમાં ગુનો નોંધાયો

પોલીસ દ્વારા તપાસમાં પારદર્શકતા જળવાય તે હેતુસર પોલીસ દ્વારા વિવિધ દિશામાં તપાસ કરવામાં આવી રહી હોવાનું પ્રાથમિક તરાણ

(પ્રતિનિધિ) પીપલોદ, તા.12

દાહોદ જિલ્લાના પીપલોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં યુવતીને લગ્ન કરવાનો વિશ્વાસ આપીને અપહરણ તથા મારપીટ કર્યાનો ગંભીર બનાવ સામે આવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ પીપલોદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર દેવગઢ બારિયા તાલુકાના ગુણા ગામના એક યુવકે યુવતી સાથે અગાઉથી ઓળખાણ બનાવી પ્રેમ સંબંધ બાંધ્યો હતો અને લગ્ન કરવાની વાત કરી હતી. ત્યારબાદ તા. 10 માર્ચ 2025ના રોજ બપોરના સમયે યુવતીને ઘર બહાર બોલાવી આરોપીએ જબરદસ્તીપૂર્વક મોટરસાયકલ પર બેસાડી લઈ ગયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે રસ્તામાં યુવતીને મારપીટ કરી ધાકધમકી આપતાં અપહરણ કરવામાં આવ્યું હોવાનો ઉલ્લેખ છે. બનાવ અંગે પીપલોદ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-2023 ની કલમ 115(2), 140(3), 129(2) મુજબ ગુનો નોંધાયો છે અને પોલીસે મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખી આગળની તપાસ હાથ ધરી છે. આ બનાવને લઈને આરોપીને મદદગારી મળી હોવાની અથવા બનાવ દરમિયાન અન્ય લોકો સંડોવાયેલા હોવાની શંકાને આધારે પોલીસે અંદાજે છથી આઠ જેટલા શંકાસ્પદ લોકોને પોલીસ કસ્ટડીમાં રાખી પૂછપરછ શરૂ કરી હોવાનું મળતી માહિતી અનુસાર જાણવા મળે છે. સમગ્ર ઘટનાક્રમમાં સત્ય બહાર આવે અને પીડિતાને ન્યાય મળી રહે તેમજ તપાસમાં પારદર્શકતા જળવાય તે હેતુસર પોલીસ દ્વારા વિવિધ દિશામાં તપાસ કરવામાં આવી રહી હોવાનું સૂત્રો જણાવે છે.કાયદાકીય કારણોસર ફરિયાદીનું નામ જાહેર કરવામાં આવ્યું નથી.

---

## એન્ટી કરપ્શન બ્યુરોના એડિશનલ ડાયરેક્ટર દ્વારા સુખસર પોલીસ સ્ટેશનને દત્તક લેતા મુલાકાત લેવાઈ

(પ્રતિનિધિ) સુખસર,તા.11

એન્ટી કરપ્શન બ્યુરોના એડિશનલ ડાયરેક્ટર પ્રવીણભાઈ એલ.માલ દ્વારા સુખસર પોલીસ સ્ટેશનને દત્તક લેતા મુલાકાત લેવામાં આવી હતી.

સુખસર પોલીસ સ્ટેશનની મુલાકાત દરમ્યાન ઝાલોદ ડિવિઝનના ડી.વાય.એસ.પી ડી.આર પટેલ તથા સુખસર પોલીસ સ્ટેશનના પી.આઈ. એસ.એસ.વરુ ઉપસ્થિત રહ્યા હતા. મુલાકાત દરમ્યાન એડિશનલ ડાયરેક્ટર પ્રવીણભાઈ માલ દ્વારા પોલીસ સ્ટેશનના તમામ સ્ટાફ સાથે મુલાકાત યોજી તેમની કામગીરી અંગે માહિતી મેળવી અને વિવિધ મુદ્દાઓ પર સમીક્ષા કરી હતી.સાથે જ પોલીસ સ્ટેશનમાં ચાલી રહેલી કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે સ્ટાફને જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે પોલીસ સ્ટેશનમાં દસ્તાવેજી કામગીરી,જનતા સાથે વ્યવહાર અને કાયદો-વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા અંગે સલાહ સૂચનાઓ આપી હતી.ઉપરાંત પોલીસ સ્ટેશનના પરિસરમાં સ્વચ્છતા જાળવવા તેમજ પાન-ગૂટખાની ગંદકી ન રહે તે બાબતે પણ ખાસ ધ્યાન આપવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મુલાકાત દરમ્યાન પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને સ્ટાફ દ્વારા પોલીસ કામગીરીને વધુ સુચારૂ બનાવવા માટે જરૂરી સૂચનો પર ચર્ચા કરવામાં આવી હતી.

**જાહેર હરાજી**

આથી જાહેર જનતાને જણાવવાનું કે ચુણેલ (તાલુકો મહુધા) ગ્રામ પંચાયતનું જર્જરીત મકાન તોડી પાડવાનું હોય તેના કાટમાળ, બારી-બારણા અને લોખંડની જાહેર હરાજી તા.૧૭/૦૩/૨૦૨૬ મંગળવાર સવારે ૧૧:૦૦ કલાકે ગ્રામ પંચાયત ચુણેલ ખાતે રાખેલ છે. તો રસ ધરાવતા ઈસમોને ઉપરોક્ત સ્થળે અને સમયે હાજર રહેવા જણાવવામાં આવેલ છે.

તારીખ : ૧૭/૦૩/૨૦૨૬ મંગળવારના રોજ,
સમય : ૧૧:૦૦ કલાકે, સ્થળ : ગ્રામ પંચાયત ચુણેલ ખાતે રાખેલ છે.

લિ. ચુણેલ ગ્રામ પંચાયત
સરપંચ શ્રીસુરેશભાઈ રાવળ
તલાટી કમ મંત્રી શ્રી નીતેન્દ્રસિંહ ચૌહાણ
મુ.પો.ચુણેલ,તા.મહુધા,જિ.ખેડા

**જાહેર હરાજી**

આથી રસ ધરાવતા તમામ ઈશમોને જણાવવાનું કે મહુધા તાલુકાના ફલોલી/ખુરદાબાદ ગ્રામ પંચાયત હસ્તકના સુકા નમી પડી ગયેલ ઝાડ નંગ.૩૩ ની જાહેર હરાજી તા. ૧૮/૦૩/૨૦૨૬ને બુધવારના રોજ બપોરે ૦૧:૦૦ કલાકે ફલોલી/ખુરદાબાદ ગ્રામ પંચાયત કચેરી ખાતે રાખવામાં આવેલ છે.રસ ધરાવતા ઈસમોએ હરાજીમાં ભાગ લેવા સમયસર સ્થળ પર હાજર રહેવું.

નોંધ : હરાજીમાં ભાગ લેવા રૂા.૫૦૦૦/- ડિપોઝિટ રાખવામાં આવેલ છે.
હરાજીની શરતો તથા નિયમો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

લિ. ફલોલી/ખુરદાબાદ ગ્રામ પંચાયત
સરપંચ શ્રી કાન્તાબેન ભીખાભાઈ સોઢા
ત.ક.મંત્રી શ્રી ખુશદીલસિંહ.ડી.ગોહિલ
મુ.પો: ફલોલી/ખુરદાબાદ,તા:મહુધા,જિ: ખેડા